# 10 લેખણ ઝાલી નો રહી

- જોરાવરસિંહ જાદવ

VZP1K9

જોરાવરસિંહ દાનુભા જાદવ ધંધુકા તાલુકાના આકરુ ગામના વતની છે. લોકસાહિત્યક્ષેત્રે સંશોધન-સંપાદનમાં એમને વિદ્યાર્થીકાળથી જ રસ હતો. તેમણે અત્યાર સુધીમાં લોકસાહિત્યની વિવિધ કથાઓને અનેક પુસ્તકસ્વરૂપે પ્રકાશિત કરી છે. 'મરદ કસુંબલ રંગ ચડે', 'આપણા કસબીઓ', 'મરદાઈ માથા સાટે' અને 'લોકજીવનનાં મોતી' વગેરે એમનાં લોકકથાના લોકજીવન અને લોકસંસ્કૃતિને સ્પર્શતા વિવિધ વિષયનાં પુસ્તકો છે.

ભાલપંથકની આ લોકકથામાં કહળસંગે કરેલી ડાંડાઈનો બદલો હરખચંદ કેવી યુક્તિથી વાળે છે તેનો તાદૃશ્ય ચિતાર મળે છે. આ લોકકથામાં માનવ સ્વભાવની વિષમતાનો પરિચય મળે છે. લેખકે ભાલ પંથકના તળપદા શબ્દોનો સુંદર વ્યાવહારિક વિનિયોગ કરીને ભાષાકર્મનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે.

ગુજરાત અને સૌરાષ્ટ્રના સીમાડાને અડીને ભાલ અને કનેર પંથક પાઘડીપને પથરાયેલા છે. કુદરતની અમીદૃષ્ટિ ઓછી હોવાને કારણે એના માટે આદિકાળથી એક કહેવત કહેવાતી આવી છે : 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ.' આવી ઝાડ-પાન વિનાની વેરાન ધરતીને માથે કબૂતરના માળા જેવું નાનું એવું ગામડું ગામ છે. ગામમાં રાજપૂત, દરબાર, કણબી, ભરવાડ અને વસવાયા વરણનાં પાંચસો એક ખોરડાં છે. બેએક ખોરડાં વાણિયા અને બ્રાહ્મણનાં છે.

ઉનાળો ધરતી પરથી ઉચાળા ભરવા માંડે, ચોમાસાનાં પગરણ મંડાય અને ભારે વરસાદ તથા વીજળીથી ગાડામારગ બંધ થઈ જાય છે. મોર્ય ગામના ખેડૂતો તાલુકામથકે હટાણું કરવા જતા અને ત્રણ-ચાર મહિના ચાલે એટલી જીવનજરૂરિયાતની,



ખેતીની અને ઘરવપરાશની સટરપટર ચીજ-જણસોની ખરીદી કરી ઘરમાં સંઘરી રાખતા એ સમયની વાત છે. મહેનત મજૂરી કરી બે પાંદડે થયેલા કહળસંગ ગાડું જોડીને ધંધૂકે હટાણું કરવા ગયા છે. સુલેમાન ઘાંચીની ઘાણીએથી બેત્રણ ડબા તલના તેલના, મોદીની દુકાનેથી દેશી ગોળની ભેલીયું, દાળ, ચોખા, મીઠું, મરચાં, લસણ, ડુંગળી અને બટેટાના કોથળા ને બીજું આઘુંપાછું ખરીદી કરી ગાડામાં મૂક્યું. રાંઢવાનો ભરડો દઈને ગાડું ગામના મારગે વહેતું કર્યું ત્યાં બે મણ કપાસિયાનો કોથળો માથે મૂકીને પવનના વંટોળિયાની જેમ વહ્યા આવતા હરખચંદ શેઠે સાદ દીધો.

'એ... ઈ કહળસંગભાઈ! ઘડીસાત બળદિયાને તાણી ઝાલો ને! આ કપાસિયાનું બચકું ઘર લગી લેતા જાવ ને.'

'હરખચંદ શેઠ, બળદિયાના ગજા ઉપરાંતનો ભાર આજ ગાડામાં ભર્યો છે, ઈમાં તમારો કપાસિયાનો કોથળો ક્યાંથી હાલશે?'

'ભૈશાબ, કપાસિયા ભર્યે કોઠી થોડી જ ફાટી જાય? ભલા થઈને આટલું બાચકું લેતા જાવ!'

'હરખચંદ શેઠ, ગામમાં હાટડી માંડીને બેઠા છો તો માલ લઈ જાવા આગવું ગાડું ભાડે કરી લેતા હો તો? નરી વાણિયાવિદ્યા જ વાપરો છો!'

'ભઈલા, આજ તો હાટની ખરીદી કાંઈ ન હોત. વૈદ્યનાં પડીકાં લેવા આવ્યો હતો, પણ થ્યું કે ઘરે ગાય વિયાય એવી છે ને અહીં સુધી આવ્યો છું તો, લાવ ને કપાસિયાનું બાચકું નાખતો જાઉં. ગાડાવાળા કોઈ ને કોઈ હરિના લાલ મળી રહેશે.'

'શેઠિયા! તમે નેવાનાં પાણીએ હાથ ધોવો છો ને? કાયમ મફતિયું કોણ લઈ જાય? કો'ક દી નાણાભીડ હોય ને ઉછીનું ઉધાર લેવા આવીએ ત્યારે તો હાટડીએથી હેઠાં ઉતારી દ્યો છો, ઈ સાંભરે છે! ઓલ્યું કહે છે ને કે 'આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે' સમજ્યા?'

'કહળસંગભૈ, ઉધારે તો આખી હાટડી દઈ દેવી પણ વખતસર ચોપડા ચોખ્ખા કરવા જોવી ને! ત્રણ-ત્રણ વરહ લગી નાણાં ભરો નહીં ને ઉઘરાણી કરીએ ત્યારે આંખો કાઢો ઈમ હાલતું હશે? અમારેય આગળ પેટ છે ને!' આ સાંભળીને કહળસંગે મનમાં ગાંઠ વાળી કે આજ માંડ ઘાએ ચડ્યો છે. વાણિયો હમણાં ફાટીને ધૂવાડે વઈ ગયો છે. ગામમાં કોઈનીય શરમ ભરતો નથી. આજ ઈને ધોળે દા'ડે તારા નો બતાડું તો મારું નામ કહળસંગ નઈ.'


ગાડા ઢૂંકડો આવીને હરખચંદ વાણિયો ગાડામાં કોથળો નાખવા જાય છે, ત્યાં તો બળદોને ડચકારો કરી કહળસંગે ગાડું હાંકી મૂક્યું. મોર્ય ગાડું ને વાંહે હરખચંદ શેઠ બજાર સોંસરવા થઈને છેક ગામની ભાગોળે આવ્યા. શેઠિયે રાડ્ય પાડી : 'એ...ઈ કહળસંગભૈ! ઘડી વાર બળદોને તાણી ઝાલોને! માથે અઢી બે મણ ભાર છે ઈ તો જુઓ.'

'શું કરું શેઠ! આ સંધિયા બળદિયા બઉ પાણિયાળા છે. ઘર ભણી વહેતા થિયા પછી તાણી ઝાલ્યા રહેતા નથી.' એમ કહેતાં કહળસંગે ગામ ભણી ગાડું હાંકી મૂક્યું.

હરખચંદ શેઠ ઢીલા પગે ને વીલા મોઢે કરામતી કહળસંગના ગાડાને જતું જોઈ રહ્યા. બળદ તાણી ઝાલ્યા રહેતા નથી ઈ વેણ ચતુર વાણિયાના મનમાં ક્યાંય સુધી ઘૂમરીઓ લઈ રહ્યા. એમને ભીંત સોસરવું સૂઝ્યું કે કહળસંગે નરાતાર ડાંડાઈ કરી છે. પછી એમનાથી બબડી જવાયું : માળા રજપૂતે કરી છે ને કાંઈ?'

કપાસિયાનો કોથળો માથે લઈને હરખચંદ ભાંગેલ પગે બજારમાં પાછા ગયા. આ વાતને માથે થઈને વરસેકનાં વહાણાં વાઈ ગયાં, પણ મદારીના કરંડિયામાં સાપ જેમ ગૂંચળું વળીને પડ્યો રહે એમ આ વાત એમના લમણામાં રહી ગઈ.

એવામાં કુદરતને કરવું તે કહળસંગના બાપુ ગુજરી ગયા. ગામમાં કોઈ ભણેલું ન મળે. કોઈનો કાગળ આવ્યો હોય તો હરખચંદની હાટે વંચાવા જવું પડતું. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.' ગામ આખું અંગૂઠા છાપ એટલે હરખચંદનો ભાવ પુછાય. કોઈના દસ્તાવેજ લખવા હોય, ખાતું પાડવું હોય કે સારા-ભલા અવસરે કંકોત્રી લખવી હોય કે માઠા પ્રસંગે કાગળ લખવા હોય તો હરખચંદ શરમના માર્યા કામ કરી દેતા.



કહળસંગે હરખચંદ શેઠને બે હાથ જોડીને કાળોત્રી લખવા બોલાવ્યા. શેઠને મનમાં થયું કે તે દી'તો બાપુના બળદિયા તાણી ઝાલ્યા રહેતા નહોતા ને આજ મેલાના કાગળ લખવા બોલાવે છે? ઠીક લાગમાં આવ્યા છે. આજ ઈને ભાલિયે નો ભરાવી દઉં તો મારું નામ હરખચંદ નઈ. આમ વિચારીને શેઠ કાગળ લખવા બેઠા.

કહળસંગે એમના બાપુનું કારજ પાંચમનું રાખેલું. શેઠિયાએ થોડાક કાગળ પાંચમના, થોડા છઠના, થોડા સાતમ, આઠમ અને નોમના તથા થોડા દસમ, અગિયારસની તિથિના લખીને જાવા દીધા.

પછી તો ભાઈ એક દિવસનું કારજ હતું ઈ લગાતાર સાત દિવસ ચાલ્યું. ઓલ્યા જાય ને ઓલ્યા આવે. ઓલ્યા જાય ને ઓલ્યા આવે.

કહળસંગના કુટુંબવાળા સંધાય વિચારમાં પડી ગયા કે : 'માળું આ ચ્યમનું વેતરાણું છે?'

'અલ્યા, મેલાના કાગળ કોની પાંહે લખાવ્યા'તા?'

કાગળ તો હરખચંદ શેઠે લખી દીધા હતા.

'ઈ તો ડાહ્યું મનેખ છે. ઈ ઊઠીને આવી ભૂલ ના કરેં હોં?'

'શેઠિયાને બોલાવીને પૂછો તો ખબર પડે ને ! આ તો ખમતીધર ખોરડું છે, પણ કોઈ મોળાપાતળા માણહનું ખોરડું હોય તો ખેતર વેચવા વારો આવે કે, બીજું કાંઈ?'

હરખચંદ શેઠને તેડું મોકલ્યું.

હાથમાં ધોતિયાનો છેડો ઝાલી, કાને લાંબી લેખણ ખોસી, માથે રાતી પાંચાળી પાઘડી અને પગમાં મોજડી પહેરી શેઠ કહળસંગના ફળિયે આવ્યા. સૌ પૂછવા લાગ્યાં :

'હરખચંદભાઈ, આ ચ્યમનું બફાણું છે?'

શેઠિયાએ ઠાવકું મોં કરી માંડીને વાત કરી :

'સાંભળો ભાઈઓ... વરહ દી'મોર્યની વાત છે. કહળસંગભૈ ધંધૂકે હટાણું કરી ગાડું લઈને ગામમાં આવતા હતા. ઈ વખતે બજાર સોંસરો હું કપાસિયાનો કોથળો લઈને ઈમના ગાડામાં મૂકવા ગયો તે દી ઈમના પાણિયાળા સંધિયા બળદો ઝાલ્યા નહોતા રિયા, ઈમ ઈમના બાપુના કરજ ટાણે કાગળ લખતાં લખતાં મારી લેખણ ઝાલી નો રઈ. બઉ તાણી ઝાલી ખમ માને તો ને...?

વાતડાહ્યા અનુભવીએ કહ્યું : 'હરખચંદ શેઠ! મૃત્યુ તો વહેલું મોડું સૌ કોઈનું આવવાનું છે. પણ મોતનો મલાજો જાળવવામાં આપણી માણસાઈ છે. એ પછી સંધાયે કહળસંગને પણ ઠપકો આપ્યો. શરમની મારી એમની આંખો ભોં ખોતરવા માંડી 'વાઢ્ય કાન ને આવ્ય સાન' તે દી થી કહળસંગની અક્કલનું તાળું ઊઘડી ગયું, 'આજની ઘડી ને કાલ્યનો દી.'

### શબ્દાર્થ

**સીમાડો** ગામની હદ **પાઘડીપનો** (અહીં) પાઘડીના જેવો વિસ્તાર (લંબાઈમાં વધારે પણ પહોળાઈમાં ઓછો) **અમીદૃષ્ટિ** મહેરબાની, મીઠી નજર **વેરાન** ઉજ્જડ **વસવાયા વરણ** (અહીં) ગામ તરફથી પસાયતા (બક્ષિસ) આપી,વસાવેલી જાતિ **વાઝડી** પવનનું વાવાઝોડું **બાચકું** (અહીં) નાની ગાંસડી **વચાર્ય** વિચાર **હાટડી** નાની દુકાન **ભોં** જમીન **મોર્ય** (અહીં) પહેલાં **સંધિયા** (અહીં) બળદની એક જાત **પાણિયાળા** બળવાન **નરાતાર** નરદમ, નર્યું **સંધાય** બધા જ, સૌ **ખમતીધર** સધ્ધર, પૈસાદાર **ખોરડું** ખોલી, ઓરડી, માટીની ભીંતનું નાનું ઘર **સોંસરો** આરપાર જવું, (અહીં) વચ્ચે થઈને **ઘડીસાત** તરત લગી સુધી **વેતરવું** બગાડવું **મલાજો** મર્યાદા

### શબ્દસમૂહ માટે એક શબ્દ

- **મૃત્યુની જાણ કરતો પત્ર** - કાળોત્રી
- **મરણ પછી બારમા દિવસે થતો વિધિ** - કારજ

### રૂઢિપ્રયોગો

- **ઉચાળા ભરવા** - ઘરબાર ખાલી કરીને નીકળી જવું કે ભાગવું
- **પગરણ માંડવાં** - શરૂઆત કરવી
- **બે પાંદડે થવું** - સુખી-સંપન્ન થવું
- **નેવાનાં પાણીએ હાથ ધોવા** - કોઈની ઉદારતાનો દુરુપયોગ કરવો
- **મનમાં ગાંઠ વાળવી** - નક્કી કરવું
- **ડાંડાઈ કરવી** - કામચોરી કરવી, આળસ કરવી
- **વહાણાં વાઈ જવાં** - સમય જતો રહેવો
- **લાગમાં આવવું** - તક મળવી, બરાબર કબજામાં આવવું
- **તેડું મોકલવું** - નોતરું મોકલવું, બોલાવવું
- **ભોં ખોતરવા માંડવું** - નીચું જોઈને ઊભા રહી જવું
- **અક્કલનું તાળું ઊઘડવું** - બુદ્ધિ આવવી

## કહેવતો

**કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ** - સાવ ઉજ્જડ, જ્યાં ઝાડ-પાન જોવા ન મળે.

**આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે** - થોડુંય માન આપીએ તો સામેથી વધુ માન મળે.

**ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન** - બહુ સારી વસ્તુ ન મળે ત્યાં ઓછી ખરાબ પણ સારી ગણાય.

**વાઢ કાન ને આવ્ય સાન** - અનુભવે બધું સમજાય.

**1. વાતચીત :**

1. તમે ગાડું જોયું છે? ગાડાનો શો ઉપયોગ થતો હશે?
2. તમે કોઈને પત્ર લખ્યો છે? પત્ર લખવાનું કહું તો તમે કોને લખશો?
3. કહળચંદ કે હરખચંદ કરતાં તમારી બોલી અલગ પડે છે? કેવી રીતે?
4. તમે વાંચેલી/સાંભળેલી લોકકથાનું નામ કહો.
5. હવે સંદેશો પહોંચાડવામાં વાર લાગે છે? શા માટે?
6. તમને ગીતો સાંભળવા ગમે? કેવા?
7. આપણે ભણીએ નહિ તો શું થાય?
8. તમારે મુસાફરી કરવી હોય તો કયું વાહન પસંદ કરશો? કેમ?

**2. આપેલાં પાત્રોને ધ્યાનમાં રાખી સંવાદ રચના કરો.**

પાત્રો : (શિક્ષક, વિદ્યાર્થીઓ, માતા)

**3. પ્રશ્નોના જવાબ લખો :**

1. હરખચંદ શેઠે કાળોત્રી ન લખી આપી હોત તો શું થાત?
2. કહળસંગે બાચકું લેવાની શા માટે ના પાડી હશે?
3. ચરબી કાઢવી એટલે શું?
4. કહળસંગની જેમ તમારે ક્યારેય શરમાવું પડ્યું છે? શા માટે?
5. હરખચંદ અને કહળસંગમાં કોણ ગમ્યું? કેમ?

**4. આપેલી વાર્તાને પૂર્ણ કરો :**

હું દફતર લઈને બારીમાં બેઠો હતો/હતી. આજે મારી ઑરટેક્સી કેમ મોડી હશે? એવું વિચારતો હતો ત્યાં જ ગૅલેરીમાં આવીને ઑરટેક્સી ઊભી રહી. આપોઆપ દરવાજો ખૂલ્યો. હું બેઠો અને ઊડવા લાગ્યો પછી તો...

**5. ઉદાહરણ મુજબ વાક્યમાં દર્શાવેલ ભાવ લખો.**

**ઉદાહરણ :** અહો! કેટલું મોટું ઘર. - નવાઈ

(હર્ષ, ચાલાકી, વિનંતી, નિરાશા, રીસ)

1. 'એઈ કહળસંગ બાપલા જરા આટલું બાચકું ગાડામાં મેલવા દ્યો ને!'
2. કો'ક દી ઉધાર લેવા આવીએ તો હાટડીએથી હેઠાં ઉતારી દ્યો છો ઈ સાંભરે સે?
3. કપાસિયાનો કોથળો માથે લઈને એ ભાંગેલ પગે બજારમાં પાછા ગયા.

4. કહળસંગ તો મનમાં મનમાં હરખાય ને ગાડું હાંક્યે રાખે.

5. તે દી ઈના બળદ જેમ ઝાલ્યા નો'તા રિયા ઈમ કાગળ લખતાં મારી લેખણ ઝાલી નો રહી.

**6. રૂઢિપ્રયોગનો અર્થ વાંચો સાચી રીતે વપરાયો હોય ત્યાં ✓ કરો રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો.**

1. ડાંડાઈ કરવી - કામચોરી કરવી, આળસ કરવી

☐ સ્નેહા બીજાંના કામ કરવામાં ડાંડાઈ કરે છે.

☐ વિદિશા બધાનાં કામ કરીને આપીને ડાંડાઈ કરે છે.

2. વ્હાણાં વાઈ જવા - સમય જતો રહેવો

☐ અકબર-બિરબલની વાર્તા સાંભળે વ્હાણાં વાઈ ગયાં...

☐ મારે રોજ નાહવાની ટેવ પણ પપ્પા કહે તને નાહતો જોયે વ્હાણાં વાઈ ગયાં...

3. વાત લમણામાં રહી ગઈ - યાદ રહી ગયું

☐ હું એક વાર શીખું પછી એ મારા લમણામાં રહી જાય જ.

☐ મને લમણે હાથ દઈને બેસવાની જ ટેવ છે.

4. દાણેદાણા કરી નાખવા - વેરવિખેર કરી નાખવું

☐ પંખીએ પોતાનાં બચ્ચાં માટે દાણા વેરવિખેર કરી આપ્યા.

☐ હરખચંદે કહળસંગને પત્ર લખતાં વિચાર્યું એના દાણેદાણા નો કરી નાખું તો હું હરખચંદ નહીં.

5. ગુજરી જવું - મૃત્યુ પામવું

☐ બાપુના ગુજરી ગયા પછી ઘરની બધી જવાબદારી મોટા દીકરા પર આવી પડી.

☐ અમે નાની વસ્તુ લેવા ગુજરી જવાનું પસંદ કરીએ છીએ.

**7. ઘાટા અક્ષરોવાળા શબ્દથી ઊલટો અર્થ ધરાવતા શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :**

**ઉદાહરણ :** હું ખૂબ **ઉપયોગી** વાત કરી રહ્યો હતો ત્યારે તમે ................ વાત કરતા હતા.

હું ખૂબ **ઉપયોગી** વાત કરી રહ્યો હતો ત્યારે તમે ...નિરુપયોગી... વાત કરતા હતા.

1. **બિનઅનુભવી** હોય કે ................ પર્વત ચઢવામાં દરેકને હાંફ તો ચઢે જ.
2. ગીરમાં જંગલ સફારી વખતે જીપમાંથી નીચે ઊતરવું **જોખમી** છે પરંતુ જીપમાં બેસી સિંહદર્શન ................ છે.
3. જો જો કામમાં કોઈ **ચૂક** ન થાય, તમારે આ કામ ................ કરવાનું છે.
4. વાંચન એ **અજ્ઞાન**થી ................ તરફ જવાનો સેતુ છે.

## 8. વિચારીને લખો...

1. કોથળામાં કપાસિયા ન હોય તો બીજું શું હોઈ શકે?
2. કહળસંગ અને હરખચંદ મિત્ર હોત તો.
3. તમે કહળસંગ હો તો આ ઘટના કેવી રીતે કહો.

## 9. યોગ્ય વિરામચિહ્નો મૂકો..

હરખચંદને મનમાં થયું કે તે દી ઈના બળદ ઝાલ્યા ન'તા રિયા ને આજ મેલાના કાગળ લખવા બરકે સે દીકરો ઠીક લાગમાં આયો છે ઈની રેવડી દાણેદાણા નો કરી નાખું તો હું હરખચંદ ટળી જાઉં આવો વિચાર કરીને હરખચંદ તો કાગળ લખવા બેઠા.

## 10. તમે જે કરી શકો અને તમે જે ન કરી શકો તે લખો :

| ઉદાહરણ : કરી શકું | ન કરી શકું |
|---|---|
| 1. હું શિયાળામાં ઠંડા પાણીથી સ્નાન કરી શકું. | હું ઝાડ ઉપર ન ચડી શકું |

## 11. તમારે આ કરવું જોઈએ...

1. વર્ગમાં આવતાં પહેલાં ...................
2. મંદિરમાં જાઓ ત્યારે ...................
3. દવાખાનામાં જાઓ ત્યારે ...................
4. ભોજન કરતાં પહેલાં ...................
5. રમત રમીને આવ્યા પછી ...................

## 12. વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકો અને ઉદાહરણ પ્રમાણે કૌંસમાં લખો. ('માહિતી હોય ત્યાં પૂર્ણવિરામ (.); આનંદ, ખુશી, પ્રશંસા, દુઃખ, મૂંઝવણ, આશ્ચર્ય જેવા ભાવ માટે ઉદ્‌ગાર ચિહ્ન (!))

1. અરર! છોકરું પડી ગયું (!)
2. અમે પ્રવાસે જવાના છીએ (                    )
3. કંઈ ખબર જ નથી પડતી ને (                    )
4. મારા ઘરે મહેમાન આવ્યા છે (                    )
5. અહા આવ્યું વૅકેશન (                    )
6. અરે વાહ તું તો બહુ મીઠું મીઠું ગાય છે (                    )
7. સુપ્રભાત હું મજામાં છું (                    )

**13. સંદેહ કે ઈચ્છા ધરાવતા વાક્ય સામે ✓ નિશાની કરો. કયા શબ્દ પરથી તે ખ્યાલ આવે છે તે લખો.**

| વાક્ય | સંદેહ | ઈચ્છા | કયા શબ્દ પરથી ખબર પડી |
|---|---|---|---|
| પાટલા ખખડે છે તો જમવાની તૈયારી છે કે શું? | ✓ | | કે શું? |
| માખીને જલેબી ખાવાનું મન થયું. | | ✓ | મન થયું |
| ધરતી પર વરસાદ વરસ્યો એટલે અળસિયાં જાગ્યાં હશે. | | | |
| છોટુને નિયંત્રણબોર્ડનું લાલ બટન દબાવવાની ચટપટી થઈ. | | | |
| સાંજે કીડીઓ આવી હશે ને વંદાના શરીરને લઈ ગઈ હશે. | | | |
| ઈવાને કારટૂન જોવાની તાલાવેલી લાગી છે. | | | |
| વાદળોના કારણે વાતાવરણ ઝાંખું દેખાતું હશે. | | | |
| ફિયોનાને દાદા સાથે ખૂબ વાતો કરવી છે. | | | |

**14. તેના વિશેનો તમારા મિત્રોનો અભિપ્રાય મેળવો અને નોંધો.**

| | વિધાન | સાચું છે | લોકોની માન્યતા છે, સાચું નથી. | સાચું, ખોટું કે માન્યતા છે, તે ખબર નથી. | હું વિચાર કરીશ. |
|---|---|---|---|---|---|
| 1 | જો કાળો દોરો ન બાંધીએ તો શારીરિક બીમારીઓ આવે. | | ✓ | | |
| 2 | અમાસના દિવસે શુભ કાર્યો ન કરાય. | | | | |
| 3 | શનિવારે વાળમાં તેલ ન નાખવું અને નખ ન કાપવા. | | | | |
| 4 | સ્મશાનયાત્રા સામે મળે તો શુભ ગણાય. | | | | |
| 5 | રાત્રે ઘરમાં ઝાડુ મારીને કચરો બહાર ન કઢાય. | | | | |
| 6 | બિલાડી આડી ઊતરે તો અપશુકન ગણાય. | | | | |
| 7 | નાનું બાળક રડે ત્યારે માથા પર લોટો ફેરવીને પાણી ઢોળી દેવું. | | | | |
| 8 | ખરતો તારો જોઈએ ત્યારે માગીએ તે મળે. | | | | |
| 9 | | | | | |
| 10 | | | | | |

**15. ચર્ચા કરો.**

- અજાણી વ્યક્તિ કે વસ્તુ આપણને નુકસાનકારક નથી તે કઈ રીતે જાણી શકાય?

**પ્રવૃત્તિ**

- વિવિધ આમંત્રણપત્રિકાઓ ભેગી કરીને અંક બનાવો.

## વાંચનઝડપ વધારવાની રમત

- **આંખ કે ડોક હલાવ્યા વગર વાંચવાનો પ્રયત્ન કરો. આવો મહાવરો રોજ બે વખત કરવાથી તમારી વાંચન ઝડપ વધશે. તમારી આંખ એક જ નજરમાં ચારથી પાંચ શબ્દ જોઈ શકશે.**
- **ચિંચવડના પથ્થરોનું વર્ણન સૌ પ્રથમ તમારા વર્ગના પઠનવીર પાસે વંચાવો. ત્યાર બાદ તમે વાંચો :**

અહીંના પથરાની
ખૂબી તો ઓર જ છે.
સહેજ અર્ધો-પોણો કલાક
ફરવા જઈએ કે
પથરાનું અદ્‌ભુત કાવ્ય
નજરે પડે છે.
એક ઊંડી ખાણમાંથી
એક ખરબચડો ગોળ પથરો અમે લઈ આવ્યા.
અમે એ ભાંગ્યો તો અંદર શું મળે!
જાંબુડા રંગનાં અને સાકર જેવાં પાસાંવાળાં
નાનાંમોટાં રત્નોનો ભંડાર!
સૂક્ષ્મદર્શક યંત્રમાં એનાં પાસાં જોયાં
તો તેમાં તો અનેક પગથિયાં દેખાયાં;
જાણે કાંકરિયા તળાવનાં પગથિયાં.
બીજા કેટલાક પથરાઓ બરાબર એથી ઊલટા.
એમના આખા શરીર પર
નાનામોટા ખાડા અને
એ બધા ખાડા પાસાદાર અને અણિયાળા.
આમાં વળી રંગની મજા જુદી જ.
કેટલાકની નાભિ લાલ રંગની, કેટલાકની સાવ આસમાની;
જ્યારે કેટલાક પથરા પર હીરાકણીની ભાત પડેલી;
ગમે તે દિશાએ જુઓ, ચળક્યા જ કરે. આ કણીઓમાં કેટલીક રાઈ કરતાંય ઝીણી
અને કેટલીક અમદાવાદી બોર કરતાંય મોટી.

કેટલાક પથરાઓમાં અંદર-બહાર બધે લીલાં લીલાં ટપકાં જ હોય છે અને વચમાં વચમાં અબરખ જેવો ચળકાટ હોય છે. એ પથરા જેટલા રૂપાળા હોય છે તેટલા જ સુંવાળા પણ હોય છે. પથરામાં એની જાત કાચી ગણાય.

કુદરતમાં લીલો રંગ અસ્થિર છે. લીલા રંગનો ભરોસો ન રખાય. આજે છે ને કાલે નથી. વનસ્પતિમાં પણ આપણે નથી જોતાં કે તડકાને લીધે જ લીલો રંગ ખીલે છે અને એ તડકો જ રંગને ચૂસી જાય છે! લીલો રંગ એટલે ઘડીકની લહેર. વાદળી રંગ એથી સાવ ઊલટો-આકાશ જેવો સ્થિર. જવલ્લે મળતાં પરવાળાંના રંગના પથરા મળે છે ત્યારે મન હરી લે છે. એમના લાલ રંગ હસમુખા અને ઠાવકા છતાં ખાનદાન હોય છે. બીજા પથરા લીંબુના ચોથા ભાગની ચીરના આકારના છે. એની એક બાજુ તમે જુઓ તો કહેશો કે લાલ દરવાજા આગળની મસ્જિદમાં જે અર્ધગોળ જાળી છે તેવા જ એ દેખાય છે. આની ધરતી ખરબચડી ભાતવાળી છે અને એની કોર આંગળી જેટલી જાડી ને વાદળી રંગની છે.

**– કાકાસાહેબ કાલેલકર**

## ભાષાસજ્જતા

### વિરામચિહ્નો

ધોરણ પાંચમાં આપણે અલ્પવિરામ (,), પૂર્ણવિરામ (.), ઉદ્ગારચિહ્ન (!) અને પ્રશ્નાર્થચિહ્ન (?) વિશે જાણકારી મેળવી. અહીં આપણે અર્ધવિરામ (;), ગુરુવિરામ (:) અને અવતરણચિહ્ન (“ ”) વિશે જાણીએ.

### અર્ધવિરામ (;)

1. વિષયો તો બધા સારા છે; ઇચ્છો તે વિષયનો સ્વાધ્યાય કરો.
2. માને જોઈને રાજી રાજી થઈ જવાયું; જાણે સઘળું જ મળી ગયું!
3. સહુ જન જંપી ગયું; નરી નીરવતા.

જે વાક્યખંડોમાં અલ્પવિરામનો ઉપયોગ થઈ ચૂક્યો હોય તેવા વાક્યખંડોને જોડવા માટે અર્ધવિરામનો ઉપયોગ થાય છે. બીજી રીતે કહીએ તો આવાં વાક્યો બોલતી વખતે કે મોટેથી વાંચતી વખતે દરેક વાક્યખંડમાંના અલ્પવિરામ પાસે તમે અટકો (જે અટકવું ભાગ્યે જ અટકવું કહેવાય.) તેના પ્રમાણમાં અર્ધવિરામના ચિહ્ન પાસે વધારે અટકવું પડે છે.

બોલચાલમાં આ બાબત તરફ આપણું ધ્યાન ભાગ્યે જ જાય છે, પરંતુ સામાન્ય રીતે લેખનની આ લાક્ષણિકતા છે એમ કહી શકાય.

### ગુરુવિરામ (:)

1. તેણે શિલ્પીને પૂછ્યું : ‘તમે આ મૂર્તિની સ્થાપના કઈ જગ્યાએ કરવાના છો?’
2. હરખચંદે રીડિયો કરીને કીધું : ‘એ...ઈ કહળસંગ! તમેય તે શું ભૂંડ્યો! બળદ તાણી ઝાલો ને!’
3. એમનાથી બબડી જવાયું : ‘માળા; રજપૂતે કંઈ કરી સે ને!’

ઉપરનાં ત્રણે વાક્યોમાં ગુરુવિરામ વાપરવામાં આવે છે. વાક્ય પૂરું થયું નથી. (નહીં તો પૂર્ણવિરામ આવે) પરંતુ એ વાક્યની સાથે જોડાયેલ એક બીજું વાક્ય આવે છે તેનું સૂચન ગુરુવિરામ કરે છે. ટૂંકમાં, ગુરુવિરામનું ચિહ્ન એમ સૂચવે છે કે વાક્ય પૂરું થયું હોય એવા પ્રકારનું છે ખરું, પરંતુ હવે પછી પણ કશુંક આવે છે.

### અવતરણચિહ્ન (“ ”)

1. એણે શિલ્પીને પૂછ્યું, “મંદિરમાં એકસરખી આ બે મૂર્તિઓની જરૂર છે?”
2. સામે છેડેથી સ્ત્રીનો અવાજ આવ્યો, ‘નહીં ભાઈ લોન કાપવા માટે મેં માણસ રાખી લીધો છે.’
3. રમણલાલે મયંકને કહ્યું, ‘હું તને ઓળખતો નથી.’

વાક્યમાં વપરાયેલાં પદોમાંથી જે પદ કે પદોને જુદા રાખવા માંગતા હોઈએ તે પદ કે પદોની આજુબાજુ આ ચિહ્ન મૂકાય છે. એની નિશાની સામાન્ય રીતે (‘ ’) કે (“ ”) હોય છે. જ્યારે કોઈ વ્યક્તિએ કહેલી વાત બરાબર એના જ શબ્દોમાં કહેવાતી હોય ત્યારે પણ અવતરણચિહ્ન વપરાય છે.